# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/25 Dt. 02/07/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## જીએસટીના ૯ વર્ષ – આર્થિક પરિવર્તનના એક દાયકાની ઉજવણી' નિમિત્તે ચેમ્બરે યોજ્યો વિશેષ કાર્યક્રમ

### સમગ્ર ભારતમાં જીએસટીની ચૂકવણી કરવામાં ગુજરાત બીજા ક્રમાંકેઃ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ગુજરાતે અંદાજે રૂ. ૨૮,૦૦૦ કરોડ જીએસટીની ચૂકવણી કરી છે, જ્યારે સુરત વાર્ષિક રૂ. ૬૫૦૦ કરોડ જીએસટીની ચૂકવણી કરે છે.

### વર્ષ ૨૦૧૭માં ૬૫ લાખ કરદાતાઓ હતા, જેમની સંખ્યા વૃદ્ધિ થઈને હાલમાં ૧.૬૫ કરોડ કરદાતાઓ થયા છેઃ કમિશનર વિવેક ગજેરા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા તા. ૦૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ સરસાણા સ્થિત 'ઉષાકાંત મારફતિયા હોલ' ખાતે 'જીએસટીના ૯ વર્ષ – આર્થિક પરિવર્તનના એક દાયકાની ઉજવણી' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સુરતના અગ્રણી ટેક્સ અધિકારીઓ, સીએ, સીએસ, ટેક્સ પ્રેક્ટિશનર્સ અને વ્યાપારી સંગઠનોએ હાજર રહીને જીએસટીની સફર અને આગામી કર સુધારાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં સુરતના એસજીએસટી (અપીલ)ના કમિશનર શ્રી વિશ્વનાથન, જોઈન્ટ કમિશનર શ્રી એસ.એસ. રાઠોડ, ડેપ્યુટી કમિશનર શ્રી અશોક કરંગિયા અને આસિસ્ટન્ટ કમિશનર શ્રી મૌલિક ઝાલા તેમજ ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, ચેમ્બરની જીએસટી કમિટીના સભ્યો ઉપરાંત સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીંગ મટેરિયલ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી કિરીટ પટેલ, સેક્રેટરી શ્રી દિલીપ પટેલ અને સેક્રેટરી શ્રી પ્રમોદ ભગત તેમજ સીએ, સીએસ, ટેક્સ પ્રેક્ટીસર્સ ઉપસ્થિત રહ્યા હતા.

**સમગ્ર ભારતમાં જીએસટીની ચૂકવણી કરવામાં ગુજરાત બીજા ક્રમાંકેઃ ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**
ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'જીએસટી એ ભારતની કર વ્યવસ્થામાં એક ઐતિહાસિક સુધારો છે. છેલ્લા નવ વર્ષમાં જીએસટીએ દેશની કર પ્રણાલીને વધુ સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવી છે. વેપારને પ્રોત્સાહન, કરદાતાઓ માટે સરળ પાલન અને એકીકૃત બજારની રચના જેવા અનેક મહત્વપૂર્ણ પરિવર્તનો જીએસટીના કારણે શક્ય બન્યા છે.'

તેમણે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં જીએસટીની ચૂકવણી કરવામાં ગુજરાત બીજા ક્રમાંકે આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ગુજરાતે અંદાજે રૂ. ૨૮,૦૦૦ કરોડ જીએસટીની ચૂકવણી કરી છે, જ્યારે સુરત વાર્ષિક રૂ. ૬૫૦૦ કરોડ જીએસટીની ચૂકવણી કરે છે.

**વર્ષ ૨૦૧૭માં ૬૫ લાખ કરદાતાઓ હતા, જેમની સંખ્યા વૃદ્ધિ થઈને હાલમાં ૧.૬૫ કરોડ કરદાતાઓ થયા છેઃ કમિશનર શ્રી વિવેક ગજેરા**
સુરતના એસજીએસટી આસિસ્ટન્ટ કમિશનર શ્રી વિવેક ગજેરાએ જણાવ્યું હતું કે, તા. ૦૧ જુલાઈ ૨૦૧૭ થી દેશમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ઇકોનોમિક ગ્રોથના વિઝન સાથે જીએસટીનો અમલ શરૂ થયો હતો. વર્ષ ૨૦૧૭માં જ્યાં માત્ર ૬૫ લાખ કરદાતાઓ નોંધાયેલા હતા, તેમની સંખ્યા વધીને હાલમાં ૧.૬૫ કરોડ થઇ ગઇ છે. આ અભૂતપૂર્વ સફળતા ભારતીય વ્યાપારીઓ અને નાગરિકોના વ્યાપક સહયોગથી જ શક્ય બની છે."

તેમણે વધુમાં ઉમેર્યું કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં શરૂ કરાયેલા 'ન્યૂ જનરેશન ટેક્સ રિફોર્મ્સ'નો મુખ્ય ઉદ્દેશ્ય નવી કર વ્યવસ્થાને વધુ સરળ બનાવવાનો, કાયદાની જટિલ ભાષાને સુધારવાનો અને બિનજરૂરી જોગવાઈઓ દૂર કરવાનો છે. આ સુધારાઓ હેઠળ ડિજિટલ ફાઇલિંગ અને ઝડપી પ્રોસેસિંગ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સામાન્ય નાગરિકની દૈનિક વપરાશની વસ્તુઓ, ખાદ્ય પદાર્થો, હેલ્થ ઇન્સ્યોરન્સ અને લાઇફ ઇન્સ્યોરન્સના પ્રીમિયમ પર મધ્યમ વર્ગને મોટી કર રાહત મળી શકે.

આ પ્રસંગે સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીંગ મટેરિયલ મર્ચન્ટ એસોસિએશનના ચેરમેન શ્રી રમેશ ભૂટાનીએ ઓપનિંગ રિમાર્ક્સ આપ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી રોહન દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન સીએ રાજેશ ભાઉવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.